# શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર ૩૧ ડિસેમ્બર અંતર્ગત વાહનોનું સઘન ચેકીંગ




શામળાજી, તા. ૨૫

થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે ગુજરાત માં ખાસ વપરાતો વિદેશી દારૂ રાજસ્થાન તરફથી ગુજરાત માં ઘુસાડાતો અટકાવવા માટે શામળાજી પાસે આવેલ રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.પી.ચૌહાણ અને તેમની ટીમ દ્વારા રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું.

છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાત માં ૩૧ ડિસેમ્બરની રાતને રંગીન બનાવવા યુવાઓ અને યુવતીઓ નશામાં ચકચૂર થઈ ક્લબો કે હોટલોમાં ડાન્સ પાર્ટી કરવા નો ક્રેઝ વધી ગયો છે ત્યારે હાલ ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં આટલી મોટી માત્રામાં વિદેશી દારૂ રાજસ્થાન તેમજ હરિયાણા થી મોટી માત્રામાં ગુજરાતસ્ની સરહદો પરથી અવનવી તરકીબો અજમાવી ગુજરાત માં ગુસાડવા માં આવેછે ત્યારે ૩૧ ડિસેમ્બર અગાઉ ગુજરાતની આવી સરહદો પર પોલીસ તંત્ર દ્વારા ચાંપતી નજર રાખી પરપ્રાંતમાંથી આવતા નાના મોટા વાહનો નું કડક હાથે ચેકીંગ હાથ ધરવા માં આવ્યું છે. અરવલ્લી જિલ્લાના શામળાજી પાસે ગુજરાત રાજસ્થાન ની સરહદે આવેલા રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન અને દિલ્હી હરિયાણા તરફથી આવતા તમામ નાના મોટા વાહનો નું શામળાજી પોલીસ દ્વારા કડક હાથે ચેકીંગ હાથ ધરવા માં આવ્યું છે મોટી મોટી ટ્રકો મોટરકાર તેમજ બાઈક ચાલકોને પણ રોકી વેદેશી દારૂ કે અન્ય કોઈ નશીલા કેફી દ્રવ્યો ગુજરાતમાં ઘૂસી ના જાય તે માટે શામળાજી પોલીસ દ્વારા સરહદ પર ચુસ્ત રીતે બાજ નજર રાખવામાં આવી રહી છે અને વાહનોનું ઝીણવટ ભરી રીતે તપાસ હાથ ધરવા માં આવી છે જેથી ૩૧ ડિસેમ્બરની રાત ને નશીલી બનાવતા અટકાવી શકાય.



અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ભડવજ ગામે આજરોજ અરવિંદભાઈ રૂપસીભાઈ ના ખેતરમાં અચાનક આજરોજ મંગળવારે સવારે અજગરે દેખા દેતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો અને ગ્રામજનોએ તાત્કાલીક વનંતત્રને જાણ કરતા જામગઢ ઈન્ચાર્જ વનપાલ નરેશ ડામોર સહીત ફોરેસ્ટ વિભાગના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી અજગરની શોધખોળ હાથ ધરી ૧૫ ફુટ લાંબા અજગરને ખેતરમાંથી ઝડપી પાડ્યો હતો અને ઝડપાયેલ અજગરને બેડઝના જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા - અરવલ્લીમાં નાતાલની ઉજવણીનો પ્રારંભ

## પ્રથમ દિવસે પ્રાર્થનાસભા તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં મંગળવારે નાતાલ હોવાથી જિલ્લામાં અનેક ઠેકાણે આવેલા ચર્ચમાં પ્રાર્થનાસભા તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નાતાલ પર્વની ઉજવણી આગામી એક અઠવાડિયા સુધી કરાશે. જે અંતર્ગત બંને જિલ્લાના અનેક સ્થળે વિવિધ કાર્યક્રમો પણ યોજાશે.

નાતાલની ઊજવણી અંતર્ગત પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ જીવનધારામાં આવેલ ચર્ચને રોશનીથી શણગારવામાં આવ્યું છે. ઉપરાંત વિજયનગર તાલુકાના બાવળીયા તથા બિલણીયા અને ભિલોડા ખાતે આવેલ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ તથા ચર્ચમાં નાતાલ પર્વની ઉજવણી અંતર્ગત પ્રાર્થનાસભા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યકર્મો યોજાયા હતા. આ ઉપરાંત હિંમતનગરના સવગઢ વિસ્તારમાં આવેલ કેથલિક ચર્ચને રોશનીથી શણગારવામાં આવ્યું છે. અહીં પણ ફાધર ટેલેસની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું.

# ધાનેરા પોલિસે આલવાડા રાજોડા ત્રણ રસ્તા પાસે થી દારૂ સાથે મુદ્દામાલ જપ્ત કર્યો

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુળ સાહેબ ની સુચના તથા શ્રી અજીત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ તેઓના માર્ગદર્શન મુજબ દારૂના કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે આજ રોજ આર કે પાઠક પી.આઈ ધાનેરા તથા રવિકુમાર રમેશભાઈ તથાં જસવંતસિંહ કેશરસિંહ તથા ભેમજીભાઈ ધનરાજભાઈ તથા હરેશકુમાર ગૌરીશંકર તથા વગેરે પો.સ્ટાફ ના માણસો સાથે આલવાડા રાજોડા ત્રણ રસ્તા પાસેથી બાતમી ના આધારે નાકાબંધી કરી સિફટ ગાડી નં જીજે ૨૭ કે ૫૯૧૬ માંથી ભારતીય બનાવટી વીદેશી દારૂ ની પેટી નં-૧૫ કુલ બોટલ નંગ-૬૪૮ કિ.રૂ.૭૪,૪૦૦ તથા સિફટ ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૫,૭૪,૪૦૦ નો કબજે કરેલ છે તથા ગાડીના ચાલક વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી.

# પાલનપુરમાં ધામધૂમથી સમરસતા મહાયજ્ઞ યોજાયો



પાલનપુર

બનાસકાંઠા જીલ્લા તમામ સમાજના લોકો રહે છે.જેમાં એક બીજા પ્રત્યે પ્રેમભાવ વધે અને એક બીજાને ઓળખતા થાય તે માટે બનાસકાંઠા સામાજીક સમરસતા સમિતિ દ્વારા પાલનપુર ભીલ સમાજની વાડીમાં સમરસતા મહાયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ અંગે આયોજક રાજેશભાઈ સૈનીએ જણાવ્યુ હતુ કે, હિન્દુ સમાજના લોકોમાં પરસ્પર એકબીજાની નજીક આવે, એકબીજા પ્રત્યે સ્નેહનો સેતુ બંધાય, આત્મીયતાનો ભાવ વધે તેમજ સમાજ અને રાષ્ટ્ર ની એકતા મજબૂત થાય અને સમાજમાં સમરસતાના દર્શન થાય તે માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.જેમાં મોટી તમામ સમાજના લોકો ઉપસ્થિત રહી યજ્ઞમાં આહુતી આપી હતી.

# લીમડામાં સામાન્ય બાબતે બોલાચાલી થતા ઈજા પહોંચાડી

હિંમતનગર, તા. ૨૫

વિજયનગર તાલુકાના લીમડા ગામે સોમવારે સામાન્ય બાબતે થયેલી બોલાચારી બાદ ઉશ્કેરાઈ ગયેલા એક શખ્સે એક ઈસમ પર કાતર વડે હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે નયનાબેન નરેશભાઈ પાંડોરે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ સોમવારે તેઓ નરેશભાઈ સોમાજી પાંડોરેના ઘરે ગયા હતા ત્યારે તેમને નયનાબેન સાથે ગમે તે કારણસર બોલાચાલી કરી ઝઘડો કરતા હતા. જેથી નયનાબેને બોલાચાલી ન કરવા માટે કહેતા નરેશભાઈ પાંડોરે ઉશ્કેરાઈ જતા કાતર વડે નયનાબેન પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી નયનાબેન નરેશભાઈ પાંડોર વિરુદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ લેવલના રેફ્રીસીપ કાર્યશાળાની પાલનપુરમાં શરૂઆત

ફૂટબોલની રમતમાં ભારત દેશના રમતવીરો પોતાનું કોશલ્ય બતાવે એ હેતુથી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એશોસિએશન અને બનાસકાંઠા જીલ્લા ફુટબોલ એશોસિએશન સતત કાર્યરત હોય છે.ફૂટબોલ ની રમતમાં સારા ઈન્ટરનેશનલ ક્ક્ષાના રેફરી તૈયાર કરવાની જવાબદારી પણ બનાસકાંઠા ડીસ્ટ્રીકટ ફૂટબોલ એશોસિએશન એ સિરે લીધી છે.આજ રોજ બનાસકાંઠા જીલ્લા ફુટબોલએ શોસિએશન દ્વારા હોપ ઈન્ટરનેશનલ સ્કુલ અને વિદ્યામંદીર સ્કુલના સહયોગથી નેશનલ ક્ક્ષા એ ફૂટબોલની રમતમાં રેફ્રીશીપ કરતા આકાશ મહેતા નીખીલ મેથ્યુસે બનાસકાંઠા ડીસ્ટ્રીકટ ફૂટબોલ એશોસિએશનના વતી રેફ્રીસીપ માટેની કાર્યશાળાની શરૂઆત પાલનપુર હોપ ઈન્ટરનેશનલ સ્કુલમાં કરવામાં આવી હતી.ગુજરાત સ્ટેટમાથી જેમાં ૭૦ જેટલા યુવાન-યુવતીઓએ રેફ્રીસીપના સેમીનાર માં ભાગ લીધેલ છે.



જેમની ૩ દિવસીય તાલીમ બાદ પરીક્ષા યોજવામાં આવશે અને પરીક્ષામાં પાસ થનાર યુવાનોને રેફરીસીપ નું લાઈસન્સ પ્રાપ્ત થશે. જે સ્ટેટ અને ઈન્ટરનેશનલ લેવની મેચોની રેફરીસીપ કરશે.

આ કેપની શરૂઆતની પળે આજ રોજ ગુજરાત સ્ટેટ ફુટબોલ એશોસિએશનના જનરલ સેક્રેટરી ગુલાબ ચૌહાણ, જીલ્લા ફૂટબોલ એશોસિએશનના પ્રેસિડેન્ટ હરેશ ચૌધરી,શ્રી શેખભાઈ ગીરીશભાઈ પરમાર, આકાશ મહેતા,નીખીલ મેથ્યુસ, વિષ્ણુ ચોહાણ, ગુરુમુખ રમવાણી, ઉપસ્થિત રહેલ અને રેફીરીસીપ સેમીનારની શરૂઆત કરાવેલ

# શામળાજી પોલીસે અણસોલ ગામ નજીક ટ્રકમાં ઘઉંના હુસેલની આડમાં ઘુસાડાતો દારૂ ઝડપ્યો

## સઘન પેટ્રોલીંગ દરમિયાન પોલીસે ૧૭.૭૪ લાખનો દારૂ ઝડપ્યો : ૧ શખ્શની ધરપકડ

શામળાજી, તા. ૨૫

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીમાં ગુજરાતીઓ કરોડો રૂપિયાનો દારૂ ગટગટાવી જતા હોય છે ગુજરાતમાં દારૂ બાંધી હોવા છતાં બુટલેગરો દારૂના બંધારણીઓ માટે અને મોજમસ્તી માટે ગુજરાતમાં ઠેર ઠેર ઠેકાઓ ઉભા કરી અને હોમડિલિવરી મારફતે દારૂ પહોંચાડી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે દારૂબંધીની કડક અમલવારી કરવા માટે પોલીસતંત્રને આદેશ આપતા બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે શામળાજી પી.એસ.આઈ મેહુલ ચૌહાણે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાં થી આવતા વાહનોનું સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ હાથધરાતા અણસોલ ગામ નજીક ટ્રકમાં થી ઘઉંના હુસેલના પ્લાસ્ટિકના કોથળાની આડમાં સંતાડીને ઘુસાડાતો રૂ.૧૭૭૪૮૦૦/- નો વિદેશી દારૂ જપ્ત કરી એક શખ્સને દબોચી લીધો હતો

શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.પી.ચૌહાણ અને તેમની ટીમે અણસોલ ગામ નજીક થી રાજસ્થાન તરફથી પસાર થતા ટ્રક (ગાડી. નં. HR 57 4613) માં ઘઉંના હુસેલના પ્લાસ્ટિકના કોથળાની આડમાં સંતાડીને લવાતો ભારતીય બનાવટની જુદી-જુદી કંપનીની વિદેશી દારૂની પેટી નંગ-૪૯૩ જેમાં કુલ બોટલ નંગ-૫૯૧૬ કીં. રૂ.૧૭૭૪૮૦૦/- જથ્થો જપ્ત કરી અનિલ કુમાર (રહે, સોનીપત, હરિયાણા)ને દબોચી લઈ




આરોપી પાસેથી જપ્ત કરેલ મોબાઈલ-૨ કીં.રૂ.૨૦૦૦ થતા ટ્રકની કીં.રૂ.૧૦૦૦૦૦૦/- મળી કુલ. રૂ.૨૭૭૬૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ ચેકીંગ જોઈ નાસી છૂટનાર સોનુ મજબિ શેખ (રહે,ભાટિયા કોલોની, ફતેહાબાદ, હરિયાણા) ૨) જોગીન્દર જાટ (રહે, જીંદ, હરિયાણા) થતા વિદેશી દારૂ ટ્રકમાં ભરી આપનાર હરિયાણાના મોંજુંખેડા (ચોપટા)ના બુટલેગર સુખવિન્દરસિંગ જરનેલ સીંગ જાટ (શીખ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે ધજાદંડ પ્રતિષ્ઠા તથા લઘુરુદ્ર યજ્ઞ યોજાયો

## હજારો શિવ ભક્તોએ દાદાના દર્શન કરી યજ્ઞનો લાભ લીધો



પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે ધજાદંડની પૂન પ્રતિષ્ઠા તથા લઘુરૂદ્ર યજ્ઞ કાર્યક્રમ યોજાયો જેમાં હજારોની સંખ્યામાં શિવભકતોએ દાદા ના દર્શન કરી યજ્ઞનો લાભ લીધો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સ્વયંભૂ શ્રી માર્કડેશ્વર મહાદેવ મંદિર ખાતે ધજાદંડની પુનઃ પ્રતિષ્ઠા તથા લઘુરૂદ્ર યજ્ઞ નું આયોજન મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી યોગેશભાઈ એન.રાવલ પરિવાર ના મુખ્ય યજમાન પદે યોજાયું હતું જેમાં મંદિરના શિખર ઉપર આવેલ ધજાદંડ ની પુન પ્રતિષ્ઠા ની સાથે મંદિર સંકુલમાં લઘુરૂદ્રનુ આયોજન કરવામાં આવ્યું હતું તો યજ્ઞના આચાર્ય જસુભાઈ કુંજબિહારી વ્યાસ દ્વારા શાસ્ત્રોક્તવિધિ, વેદમંત્રોથી પૂન ધજાદંડની પુન સ્થાપના તથા લઘુરૂદ્ર યજ્ઞ કરાવવામાં આવ્યું હતું તો પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતાં શિવભકતો દ્વારા ધજાદંડની પુનઃ પ્રતિષ્ઠા તથા લઘુરૂદ્ર યજ્ઞનો આરતીનો લાભ લઈને પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી તો સમગ્ર કાર્યકમનુ આયોજન મંદિર વ્યવસ્થા સ્થાપક તથા શીવભકતો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાનેરા તાલુકા ધાખા ગામે ગૌશાળાના લાભર્થે ભવ્ય લોક ડાયરો યોજાયો

ધાનેરા તાલુકા ના ધાખા ગામે ગૌશાળા ના લાભાર્થે ભવ્ય લોક ડાયરો યોજાયો હતો જેમાં નામાંકિત ડાયરો યોજાયો જેમાં જેમાં ગુજરાત ના નામાંકિત કલાકાર કાજલ મહેરિયા રાકેશ બારોટ ગીતા બારોટ



લોક ગાયક દ્વારા લોકો ને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું તો તો બીજી તરફ લોકો પણ મનમૂકીને ગૌદાન કર્યું હતું ધાખા ગામે થાલક માતાના મંદિરે ગૌસેવા ના લાભાર્થે ભવ્ય લોક સહિત અન્ય કલાકારો દ્વારા લોકોને મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતુ તો બીજી તરફ આ ડાયરો ગૌશાળા ના લાભાર્થે હોવાથી લોકોને પણ માનમૂકીને ગૌદાન કર્યું હતું અને આયોજકો દ્વારા આવનાર મહેમાનો નું સાલ ઓઢાડી સન્માન પણ કર્યું હતું ધાનેરા તાલુકા ના ધાખા ગામે થાલક માતા ના મંદિર ના ચોક માં ગૌશાળા ના લાભર્થે ભવ્ય લોકડાયરો યોજવામાં આવ્યો જેમાં ગુજરાત ના ખ્યાતનામ કલાકારો ને રંગત જમાવી હતી કાજલ મહેરિયા અને રાકેશ બારોડ પોતાના સુર રેલાવી ને ડાયરે ની રંગત જમાવી હતી. કાજલ અને રાકેશ બારોટ પર ચલણી નોટો ની છોળો ઉડી હતી ઉત્તર ગુજરાત ના ખ્યાતનામ કલાકાર પીયૂસ પ્રજાપતિ એ હાસ્ય થી તરબોળ કર્યા હતા આ ડાયરા માં અનેક નામી કલાકારો એ પોતાના સુર રેલાવી ને લોકો ને મંત્રમુગ્ધ કર્યા હતા આ પ્રસંગે ધાનેરા થરાદ સહિત અન્ય વિસ્તાર ની આજુબાજુ ના સામાજિક આગેવાનો નેતાઓ સહિત ગોભક્તો હજાર રહ્યા હતા આ ડાયરા માં લોકોએ મનમૂકી ને ગૌશાળા માટે દાન આપવામાં આગળ આવ્યા હતા.

# ધનસુરામાં ૧૭ કરોડની ગટર યોજના નિષ્ફળ : ગટરો ઊભરાય છે

## તટસ્થ તપાસ જરૂરી, નબળું કામ

ધનસુરા, તા. ૨૫

સરકારની ૧૭ કરોડની ગ્રાંટમાંથી ધનસુરા ખાતે ગટર યોજનાનું કામ થયું છે. આ ગટર યોજનાનું કામ પૂર્ણ થાય તે પહેલાં જાણવા મળ્યા પ્રમાણે કોન્ટ્રાક્ટર અડધુ કામ છોડી ભાગી જાય છે. અત્યારે આખા ગામમાં ગટરો રોડ તોડી બનાવી છે. રોડ પણ વ્યવસ્થિત કર્યા નથી. આ ગટરોમાંથી ગંદુ પાણી ઊભરાય છે. ઢાંકણાંના કોઈ ઠેકાણા નથી. સરકારના રૂા. ૧૭ કરોડ ખર્ચેલ રકમ વ્યર્થ ગઈ છે. આવડી મોટી રકમ ખર્ચી ગટર યોજના બનાવી ત્યારે જવાબદાર અધિકારીઓએ કોઈ ધ્યાન આપ્યું હોય તેવું લાગતું નથી. ભયંકર ભ્રષ્ટાચાર થયાની શંકા સેવાય છે. આ ગટર યોજના જેમના હસ્તક છે તે અધિકારી સમે પણ પગલાં ભરાવા જોઈએ તેવું પ્રજાનું માનવું છે.

# પેઢમાલામાં ગંદકીના ઉપદ્રવથી ગ્રામજનો ત્રસ્ત

## પંચાયતના સત્તાવાળાઓની બેકાળજીથી રોગચાળો ફેલાવવોનો ભય

હિંમતનગર,તા. ૨૫

હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે આવેલ કુવા નજીક ગામમાં અનેક ઠેકાણે ઘણા સમયથી ગંદકીના થર જામ્યા હોવાને કારણે ગામમાં રોગચાળો ફેલાવવાની દહેશત ઊભી થઈ છે. તેમ છતાં પંચાયતના સત્તાવાળાઓ આ ગંદકી કરવા માટે કોઈ ઠોસ કાર્યવાહી ન કરતા હોવાની છાપ ગ્રામજનોમાં ઊપસી રહી છે.

આ અંગે ગ્રામજનોના જણાવાયા મુજબ છેલ્લા ઘણા સમયથી ગામમા આવેલા કુવા નજીક કેટલાંક લોકો કચરો નાખીને ગંદકી કરી રહ્યા છે. તેમ છતાં પંચાયતવાળાઓ ગંદકી કરનારાઓ સામે કોઈ પગલા લેતા નથી. ઉપરાંત ગામમાં અન્ય સ્થળે પણ ગંદકીના ઢગ થઈ ગયા છે. જેના કારણે તે વિસ્તારમાં રહેલા લોકોને ન છુટકે બદબુ ભર્યા વાતાવરણમાં જીવવું પડે છે.

બીજી તરફ સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત મળતી ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં પેઢમાલા પંચાયતના સત્તાવાળાઓ જાણે કે ઉણા ઉતર્યા હોય તેવું ગ્રામજનોનું માનવું છે. એટલું જ નહીં પણ પંચાયત દ્વારા ગામમાં નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો કેટલેક ઠેકાણે બંધ હોવાને કારણે રાત્રે આ વિસ્તારમાં લોકોને તથા અન્ય રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે. તેમ છતાં પંચાયતવાળા કશુ વિચરતા નથી.